કતપુર પાસે વિદેશી દારૂ ભરેલી કાર ઝડપાઈ : ત્રણ આરોપી ઝડપાયા

પ્રાંતિજ, તા.૨૪

પ્રાંતિજના કતપુર ટોલ નાકા પાસે રાજસ્થાન તરફથી અમદાવાદ જતી વિદેશી દારૂ ભરેલી કાર ને ઝડપી પાડી હતી. પોલીસે રૂ. ૫

લાખના મુદ્દામાલ સાથે ૩ બુટલેગરોની ધરપકડ કરી હતી અને ત્રણેય આરોપી સામે ગુનો નોંધી વધુ કાર્યવાહી હાથ ધરી છે.

પ્રાપ્ત માહિતી અનુસાર રાજસ્થાનથી અમદાવાદ તરફ જતી સ્વીફ્ટ કાર નં. જીજે-૨૭-આર-૯૭૬૪માં વિદેશી દારૂનો જથ્થો લઈ કેટલાક આરોપી પ્રાંતિજ કતપુર પાસેથી પસાર થવાના છે તેવી બાતમી પ્રાંતિજ પોલીસને મળતા પોલીસે કતપુર ટોલનાકા પાસે વોચ ગોઠવી હતી. દરમિયાન બાતમી વાળી કાર આવતા તેને અટકાવી તપાસ કરતા તેમાંથી વિદેશી દારૂની ૧૯૨ બોટલ અને ૩૧૨ બિયરના ટીન જેની કિંમત રૂ. ૧.૩૯ લાખ, રૂ. ૨૧૧૦ રોકડ તથા રૂ. ૨૦૦૦ની કિંમતના મોબાઈલ સાથે કાર મળી કુલ રૂ. ૫,૪૨,૧૧૦નો મુદ્દામાલ કબજે કર્યો હતો અને ત્રણ આરોપીઓ રહેમાન ઉદીન કુતુબુદ્દીન શેખ, જાવેદખાન મકસુદખાન પઠાણ અને આરીફખાન યાકુબખાન પઠાણ વિરૂધ્ધ પ્રાંતિજ પોલીસે ગુનો નોંધી વધુ કાર્યવાહી હાથ ધરી છે. પોલીસે આરોપીની પુછપરછ કરતા આ સમગ્ર દારૂનો જથ્થો અમદાવાદ ગોમતીપુરના બુટલેગર હુસેન બટ્ટાને ત્યાં પહોંચાડવાનો હોવાની કબુલાત કરી હતી.

ભાજપમાં ડખ્ખો : રાદડિયા કુંડારિયાની વચ્ચે ખુલ્લો જંગ

મોહન કુંડારિયા ખેડૂતોના નેતા નથી : વિઠ્ઠલભાઈ રાદડીયા

અમદાવાદ, તા.૨૪

રાજકોટ જિલ્લામાં ભાજપની અંદર આંતરિક ખેંચતાણ હવે સપાટી પર આવી રહી છે. ભાજપના બે સંસદસભ્યો સામસામે આવી ગયા છે અને પાર્ટી વર્તુળોમાં ભારે ચર્ચા જાગી છે. આક્ષેપબાજીનો આ દોર ભાજપ માટે મુશ્કેલી સર્જી શકે છે. ખેડૂતોના પ્રશ્નને લઈ બન્ને નેતા આમને સામને છે.

ભાજપના સિનિયર નેતા વિઠ્ઠલભાઈ રાદડિયાએ સાંસદ મોહનભાઈ કુંડારિયા સામે ટિકા-ટિપ્પણ કરતું નિવેદન કર્યું છે. વિઠ્ઠલભાઈ રાદડિયાએ આજે એમ પણ કહ્યું કે, મોહન કુંડારિયા કોઈ કાળે ખેડુતોના નેતા નથી. કટાક્ષભર્યા સુરમાં રાદડિયાએ એમ પણ કહ્યું કે, મોહનભાઈ કુંડારિયાને વાસ્તવમાં ઉદ્યોગમંત્રી બનવાની જરૂર હતી. કૃષિમંત્રી તરીકે તેઓ ફીટ નથી. કારણ કે, તેઓ વેપારીઓના નેતા છે. વિઠ્ઠલભાઈ રાદડિયાએ ખુલ્લંખુલ્લા કુંડારિયા પર આરોપ મુકીને એમ કહ્યું કે, કુંડારિયાએ ખેડુતો માટે કોઈ કામગીરી કરી નથી અને કઈ ફાયદો કરાવ્યો નથી. રાદડિયાએ કહ્યું કે, પાક વીમા મુદ્દે ખેડુતોને અન્યાય થઈ રહ્યો છે અને આમ કહીને એમણે કેન્દ્ર સરકાર સામે પણ આ મુદ્દે સવાલ કર્યા છે અને આમ, ભાજપમાં આંતરિક કલહ શરૂ થયું છે.

વિઠ્ઠલભાઈ રાદડિયાએ જણાવ્યું હતું કે, પાક વીમાના પ્રશ્ને ખેડુતોને ભારોભાર અન્યાય થયો છે. આ મુદ્દે અમે સરકારમાં રજુઆત કરવાના છીએ અને તેમ છતાં જો પ્રશ્નો નિવેડો નહીં આવે તો હાઈકોર્ટમાં જવાની પણ અમારી તૈયારી છે. વિઠ્ઠલભાઈ રાદડિયાએ વધુમાં જણાવ્યું હતું કે, સૌરાષ્ટ્રમાં માત્ર ૧૦ ટકા જેટલો જ વીમો મળ્યો છે અને તેના કારણે ખેડુતો પારાવાર હાડમારીમાં મુકાયા છે.

ઉચ્ચ પોલીસ અધિકારીઓની બદલીના આદેશ કરાયા

અમદાવાદ, તા.૨૪

રાજ્યના ગૃહ વિભાગે આજે તાત્કાલિક અસરથી અમલમાં આવે તે રીતે ઉચ્ચ પોલીસ અધિકારીઓની બદલીના આદેશો જારી કર્યા હતા. મદદનીશ પોલીસ અધિક્ષક તરીકે તેમની નિમણૂંક કરવામાં આવી છે. હિમાંકર સિંઘને મદદનીશ પોલીસ અધિક્ષક નખત્રાણા ખાતે મુકવામાં આવ્યા છે. આવીજ રીતે આઈપીએસ અધિકારી રાહુલ ત્રિપાઠી, રોહન આનંદ, મનિષ સિંઘ, યશપાલ જગાણીયાની પણ બદલી કરીને અન્યત્ર નિમણૂંક કરાઈ છે. જે અધિકારીઓની બદલીઓ થઈ છે તેની વિગત નીચે મુજબ છે.

મદદનીશ પોલીસ અધિક્ષક

નામ	મદદનીશ પોલીસ અધિક્ષક તરીકે નિમણૂંક	રીમાર્ક્સ
હિમાંકર સિંઘ	મદદનીશ પોલીસ અધિક્ષક, નખત્રાણા	ચિંતન તેરૈયાની ખાલી જગ્યાએ
રાહુલ ત્રિપાઠી	મદદનીશ પોલીસ અધિક્ષક,જામનગર	એન્ડ્રુસ મેકવાનની ખાલી જગ્યાએ
રોહન આનંદ	મદદનીશ પોલીસ અધિક્ષક,લીંબડી	ખાલી જગ્યાએ
મનિષ સિંઘ	મદદનીશ પોલીસ અધિક્ષક,ડાંગ	ભરત બી રાઠોડની જગ્યાએ
યશપાલ જગાણીયા	મદદનીશ પોલીસ કમિશનર, વડોદરા	ખાલી જગ્યાએ

નાયબ પોલીસ અધિક્ષક

નાયબ પોલીસ અધિક્ષક	બદલીથી નિમણૂંક	રીમાર્ક્સ
ચિંતન તેરૈયા, નખત્રાણા	મદદનીશ પોલીસ કમિશનર, અમદાવાદ	જેએમ પટેલની ખાલી જગ્યાએ
એન્ડ્રુસ મેકવાન, જામનગર	મદદનીશ પોલીસ કમિશનર,અમદાવાદ	ખાલી જગ્યાએ
ભરતકુમાર રાઠોડ,ડાંગ	નાયબ પોલીસ અધિક્ષક, ભરુચ	ખાલી જગ્યાએ
જેએમ પટેલ,અમદાવાદ	નાયબ પોલીસ અધિક્ષક, સુરત	ખાલી જગ્યાએ

ગ્રાન્ટેડ શાળાઓમાં જુનિયર કલાર્કની ભરતી માટે કવાયત

તમામ ગ્રાન્ટેડ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળામાં જુનિયર કલાર્કની ખાલી જગ્યા ભરવા માટે કવાયત શરૂ

અમદાવાદ, તા.૨૪

રાજયની ગ્રાન્ટેડ માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓમાં જુનિયર કલાર્કની જગ્યાઓ લાબાં સમયથી ખાલી પડી હતી. જેનાં કારણે શાળાનો વહીવટ ટલ્લે ચઢી રહ્યો હોવાનો બળાપો વિદ્યાર્થીઓ અને સંચાલકો કાઢી રહ્યા હતા. ત્યારે રાજયનાં શિક્ષણ વિભાગ દ્વારા આ ફરીયાદોને ધ્યાનમાં લઈને રાજયની તમામ ગ્રાન્ટેડ માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓમાં જુનિયર કલાર્કની ખાલી જગ્યા ભરવા માટે કવાયત હાથધરવામાં આવી હોવાનું જાણવા મળ્યું છે. પ્રાપ્ત થતી માહિતી મુજબ, રાજયની ગ્રાન્ટેડ માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓમાં જુનિયર કલાર્કની ખાલી જગ્યાઓને લીધે શાળાઓના વહીવટીને લુણો લાગ્યો હતો. શાળામાં જુનિયર કલાર્કના અભાવમાં વિદ્યાર્થીઓને નજીવા કામ માટે પરેશાન થવું પડતો હોવાનો ચોતરફ ઉકળાટ ઠલવાઈ રહ્યો હતો. ગ્રાન્ટેડ માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓમાં બિન શૈક્ષણિક કર્મચારીઓની સંખ્યા શાળાના છાત્રોની સંખ્યાના આધારે સુનિશ્ચિત કરવામાં આવતી હોય છે.

પરંતુ રાજયની અનેક ગ્રાન્ટેડ શાળાઓમાં જુનિયર કલાર્કની જગ્યા ભરવામાં આવી નહી હોવાને લીધે વહીવટી કામગીરી કરવામાં ભારે મુસીબતો વેઠવી પડતી હતી. આ સ્થિતિને ધ્યાનમાં રાખીને વિવિધ ચકાણસી કર્યા બાદ રાજય સરકારનાં શિક્ષણ વિભાગે હવે જુનિયર કલાર્કની ભરતી અન્વયેએ એનઓસી કાઢવાની કામગીરી શરૂ કરી હોવાનું જાણવા મળ્યું છે. શિક્ષણ વિભાગનાં ઉચ્ચસ્તરીય સુત્રોનાં જણાવ્યા મુજબ, કેટલીક શાળાઓમાં જુનિયર કલાર્કની ભરતી માટે એનઓસી રજુ કરવામાં આવ્યા છે. જ્યારે બાકી શાળાઓમાં પણ યાદી મુજબ એનઓસી કાઢવાની કામગીરી ચાલી રહી છે. જે પૂર્ણ થયા બાદ માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓમાં ખાલી પડી રહેલ જુનિયર કલાર્કની ભરતી કરવા માટે મંજુરી આપવામાં આવશે.

પાટીદાર અનામત આંદોલન સમિતિના લીડર હાર્દિક પટેલને સઘન સુરક્ષા વચ્ચે ગુજરાત હાઈકોર્ટમાં રજુ કરાયો હતો.

અમદાવાદમાં કોફી ફેસ્ટીવલ લોન્ચ થતા ગ્રાહકોમાં ઉત્સુકતા

અમદાવાદ, તા.૨૪

કોફી ફેસ્ટિવલ એ કેફે આઉટલેટસની સંખ્યાની દષ્ટિએ ભારતની સૌથી વિશાળ ચેઈન કેફે ડે (સીસીડી) દ્વારા આયોજિત ગ્રાહકો માટેનો બેવરેજ શો અને ટેલ ઈનિશિયેટિવ છે. સીસીડી કોફી ફેસ્ટિવલ સિરીઝ મારફત ગ્રાહકો સાથે કોફી કઈ રીતે બનાવવી તે કળાનું આદાનપ્રધાન કરવાનો પ્રયાસ કરે છે. આ ફેસ્ટિવલ આજે અમદાવાદમાં રજુ કરાયો હતો અને તે ૨૩મી ઓક્ટોબર, ૨૦૧૫ સુધી એક મહિના માટે ચાલશે. કોફી ફેસ્ટિવલનો પ્રથમ લુક આજે અમદાવાદમાં આઈઆઈએમ રોડ ખાતે શિવાલિક પ્લાઝા કેફેમાં યોજાયો હતો. અમદાવાદમાં ચાર કેફે આ આખો મહિનો કોફી ફેસ્ટિવલનું આયોજન કરશે. જેમાં સિગ્મા એક્સલન્સ, એચપીસીએલ વસ્ત્રાપુર, જજીસ બંગલો રોડ ને શિવાલિક પ્લાઝા, આઈઆઈએમ રોડ ખાતે સીસીડી કેફેનો સમાવેશ થાય છે. અને તેમના ઘેર બેઠાં બેઠાં ફ્રેન્ચ પ્રેસ અને સ્ટવટોપ એસ્પ્રેસ્સો જેવાં કોફી બનાવવાના સફળ સાધનોથી કોફી કઈ રીતે બનાવવી તે શીખવે છે. આમાં કોફી ડે વેકઅપનો ઉમેરો કરાયો છે.

ભાગદોડ... ● અનુસંધાન પહેલાનું ચાલુ

દિવસે શૈતાનને પથ્થર મારવાની ઘટના દરમિયાન આવો જ બનાવ બન્યો હતો જેમાં ૪૦૦થી પણ વધુ લોકોના મોત થયા હતા. મક્કાના બહારી વિસ્તારમાં મીનામાં શૈતાનને પથ્થર મારવાની રસમ અદા કરવામાં આવે છે. આ યાત્રા દરમિયાન હજયાત્રી ત્રણ પથ્થર શૈતાનની તરફ ફેંકે છે. તે ગાળા દરમિયાન આજે આ દુઃખદ દુર્ઘટના સર્જાઈ હતી. અત્રે ઉલ્લેખનીય છે કે આ વર્ષે જ ૧૧મી સપ્ટેમ્બરના દિવસે મહાકાય ક્રેન મુખ્ય મક્કા મસ્જિદ પર ધરાશાયી થતાં ૧૦૭થી વધુના મોત થયા હતા. આજના બનાવ બાદ ચારેયબાજુ અફડાતફડી મચી ગઈ હતી. સાઉદી સત્તાવાળાઓ દ્વારા જે આંકડા જારી કરવામાં આવ્યા છે તે મુજબ ૧૯૫૨૮૧૭ યાત્રિઓ આ વર્ષે હજયાત્રા કરી ચુક્યા છે. જેમાં ૧.૪ મિલીયન વિદેશી લોકો છે.

હવે મીના ખાતેની આ પથ્થર મારવાની વિધી શનિવાર સુધી ચાલશે કે કેમ તેને લઈને હજુ સુધી કોઈ ખુલાસો કરવામાં આવ્યો નથી. આજની વિધી જમારાત બ્રીજ તરીકે ઓળખાતા પાંચ માળના માળખા ખાતે થઈ રહી હતી. આના નિર્માણ ઉપર એક અબજ ડોલરનો ખર્ચ થયો છે. કેરળના ગૃહમંત્રી રમેશ ચૈનીથાલાએ કહ્યું છે કે ઘાયલોમાં ભારતીય લોકો પણ છે. ભારતીયોની સંખ્યા પણ ખૂબ મોટી જણાવવામાં આવી છે. ૨૨૦થી વધુ એમ્બુલેન્સ, ચાર હજારથી વધુ બચાવ કાર્યકરો ઘટના સ્થળે મોકલી દેવાયા છે. છેલ્લે ૨૦૦૬માં આવો જ બનાવ બન્યો હતો જેમાં ૪૦૦થી વધુના મોત થયા હતા.

હાઈકોર્ટનો આદેશ

● અનુસંધાન પહેલાનું ચાલુ

કોર્ટને જાણ કેમ ન કરી. કોઈ એક વ્યક્તિ એક વખત જુઠુ બોલે તો ૧૦ વખત જુઠુ બોલવું પડે છે. સરકાર તરફથી એડવોકેટ જનરલ કમલ ત્રિવેદીએ બે કવરમાં પુરાવાઓ રજુ કર્યા હતા. વધુ સુનાવણી ૨૯મીએ કરવામાં આવશે. હાઈકોર્ટે આજે હાર્દિકની જુબાન ઉપર લગામ મુકતા તેને આગામી સુનાવણી સુધી નિવેદન બાજી નહી કરવા જણાવ્યું છે. અરવલ્લીના બાયડ પાસેના તેનપુર ગામની સભા બાદ હાર્દિક પટેલના ગુમ થવાની ઘટનાને પગલે સતત બે દિવસથી ચાલી રહેલા હાઈપ્રોફાઈલ ડ્રામા બાદ આજે અંતે હાર્દિક પટેલ ગુજરાત હાઈકોર્ટ સમક્ષ રજુ થયો હતો. જેમાં હાઈકોર્ટે હાર્દિકના આક્ષેપો સામે શંકા વ્યક્ત કરી તેનું લેખિતમાં નિવેદન લીધું હતું. કાયદાનો દુરુપયોગ કરનારા સામે કડક કાર્યવાહી કરવાની ચીમકી આપી વધુ સુનાવણી ૨૯ સપ્ટેમ્બર પર મુલતવી રાખી હતી. ગુજરાત હાઈકોર્ટમાં મિડીયા અને સમર્થકોની મોટી સંખ્યામાં હાજરી વચ્ચે આજે હાર્દિક પટેલના એડવોકેટ દ્વારા રજુ કરવામાં આવ્યો હતો. હાઈકોર્ટે દ્વારા એડવોકેટ બી.એમ. માંગુકીયા,અરજદારો દ્વારા અપનાવવામાં આવેલી ટેકનિક પ્રત્યે સખત નારાજગી વ્યક્ત કરી હતી. કોર્ટે સીધી ચીમકી પણ આપી હતી કે, કાયદાની મર્યાદામાં રહીને જ કાર્યવાહી કરવી જોઈએ.

પગાર

● અનુસંધાન પહેલાનું ચાલુ

પણ ઘટાડો થયો છે. મોદીએ બિહાર માટે મોટા પેકેજની જાહેરાત કરી દીધી છે. જીએસટીના ઈન્ફ્રાસ્ટ્રક્ચરને તૈયાર કરવા માટે પણ જંગી રોકડ રકમની જરૂર પડશે. આવી સ્થિતિમાં સરકાર કેન્દ્રીય કર્મચારીઓ માટે પહેલાથી જ ખજાનો ખોલતા પહેલાં વિકલ્પો પર વિચારણા કરશે. છઠ્ઠા વેતન પંચ બાદ કેન્દ્રના ખજાના ઉપર દર વર્ષે ૧૫૭૦૦ કરોડ રૂપિયાનો બોજ પડ્યો હતો. રાજ્યોના ખર્ચમાં ૧૮-૩૦ ટકાનો વધારો થયો હતો. સાતમા વેતન પંચની ભલામણો પહેલી જાન્યુઆરીથી લાગુ કરવામાં આવનાર છે.જો આને અમલી બનાવવામાં આવશે તો સરકારી ખજાના ઉપર ૧૦,૦૦૦થી ૨૦,૦૦૦ કરોડ રૂપિયા સુધીનો ખર્ચ વધી શકે છે. રાજ્યોના ખર્ચમાં પણ વધારો થઈ શકે છે. સાતમા વેતન પંચ દ્વારા જુદી-જુદી ભલામણો કરવામાં આવી છે જે મુજબ પગારમાં ૨૦થી ૨૫ ટકાનો વધારો કરવામાં આવનાર છે.

ટ્રીપો દોડશે

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

મોટી સંખ્યામાં ભાવિકો પગપાળા જતા નજરે પડે છે. જ્યારે પ્રતિવર્ષ ભાવિકોને યોગ્ય બસ સેવા મળી રહે તે માટે એસ ટી નિગમા દ્વારા ખાસ આયોજન કરવામાં આવે છે. આ વર્ષે પણ એસ ટી તંત્ર દ્વારા અંબાજી રૂટમાં ખાસ બસ સેવા માટેનુ આયોજન કરવામાં આવ્યુ છે. આ માટે ગાંધીનગર ડેપો કક્ષાએથી પણ અંબાજી રૂટમાં તા ૨૩ થી ૨૮ દરમિયાન ૧૦૦ જેટલી ટ્રીપો દોડાવવામાં આવશે. રોજની ૨૫ ટ્રીપો માટેનુ આયોજન કરવામાં આવ્યુ છે.

તા ૨૫ થી ૨૭ દરમિયાન સરકારી રજા હોવાથી સ્થાનિક અપડાઉનકર્તાઓ તેમજ અન્ય મુસાફરોને પણ બસ સેવામાં ખલેલ પહોંચશે નહી તેમ પણ મનાઈ રહયુ છે. અંબાજી રૂટની વિશેષ બસ સેવાને અનુલક્ષી ગાંધીનગર ડેપોને પણ અંદાજિત રૂ ૧૦ લાખની આવક થાય તેવી શકયતા છે.

ફૂલોની ખેતી

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ફાઉન્ડેશનને આવ્યો હતો. અને આ ફાઉન્ડેશને ૨૦૧૪માં તેનું અમદાવાદ ખાતે સન્માન કર્યું હતું.

હવે સ્ટાર પ્લસ પર રજુ થનાર એક વિશિષ્ટ કાર્યક્રમમાં આ ત્રણેય સાથેના વાર્તાલાપનું શુટીંગ મુંબઈ ખાતે થવાનું છે. આગામી ૧ અને ૨ ઓક્ટો.ના રોજ આ શુટીંગ થવાનું હોઈ આચાર્ય અને છાયા તેમજ તેના પિતા ઘણા ઉત્સાહિત છે અને ગ્રામજનો પણ ગૌરવ અનુભવી રહ્યા છે.

આંદોલન ચાલુ રહેશે

● અનુસંધાન પહેલાનું ચાલુ

મેયર નિરંજન જાંજમેરની કાર ઉપર અજાણ્યા તત્વોએ પથ્થરમારો કર્યો હતો. જે કે ફરજ પર તૈનાત અધિકારીઓએ મેયરને હેમખેમ સલામત સ્થળે લઈ ગયા હતા. સુરતના વરાછા રોડ પર થયેલા પથ્થરમારથી ઘટનાને કાબુમાં લેવા પોલીસે બળપ્રયોગ કરવાની પણ ફરજ પડી હતી અને તોફાની ટોળાને વિખેરવા અડધો ડઝનથી ટીયરગેસના સેલ છોડ્યા હતા. આ ઉપરાંત ભાવનગરમાં પણ આતશબાજી કરી રહેલા ભાજપના કાર્યકરો અને તોફાની તત્વો વચ્ચે કેટલાક સ્થળોએ ઝડપ થઈ હતી.

ભાજપના પ્રદેશ સંગઠન તરફથી ગઈકાલે જ જિલ્લા તથા શહેર એકમો પર સરકયુલર મોકલી આજે જાહેર થનારા આર્થિક પેકેજને આવકારવા સાંજે આતશબાજીનો કાર્યક્રમ યોજવાની તાકીદ કરી હતી. જેના ભાગરૂપે સાંજે તમામ જિલ્લા અને શહેર મથકો પર ભાજપ દ્વારા આતશબાજીનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. જોકે બિન અનામત વર્ગ માટે રાજય સરકાર જાહેર કરેલા આ આર્થિક પેકેજને કોંગ્રેસપક્ષે પ્રજા સાથે છેતરપીંડી સમાન ગણાવી તેનો વિરોધ કર્યો હતો અને પાટીદાર અનામત આંદોલન સમિતિના કન્વીનર હાર્દિક પટેલે આ પેકેજને લોલીપોપ સમાન ગણાવી આંદોલન ચાલુ રહેશે. તેવી જાહેરાત કરી હતી.

દરમિયાન અમદાવાદ શહેર સંગઠનનાં પ્રમુખ રાકેશભાઈ શાહે આજે ગાંધીનગર ખાતે તમામ વર્ગોના પ્રતિનિધિઓની ઉપસ્થિતિમાં બિનઅનામત વર્ગના યુવા વિદ્યાર્થીઓ માટે મુખ્યમંત્રી યુવા સ્વાવલંબન યોજના રૂપે જે જાહેરાત કરાઈ તેને ભાજપાના સૌનો [redacted] સૌનો વિકાસનાં વિકાસમંત્ર [redacted] પુનઃચરિતાર્થ સમાન ગણાવી શહેર [redacted] નવતી મુખ્યમંત્રી અને સ [redacted]

ખાસ પેકેજ... ● અનુસંધાન પહેલાનું ચાલુ

સમાન તક આપવાની જાહેરાત કરી હતી. ઉચ્ચ શિક્ષણ વિષયક એસસી, એસટી અને બક્ષીપંચ જાતિ હયાત યોજનાનો લાભ બિન અનામત વિદ્યાર્થીઓને પણ મળતો થશે. આનાથી ૬૨ લાખ વિદ્યાર્થીઓને ફાયદો થશે.

રાજ્ય સરકારના પ્રવક્તા આરોગ્ય મંત્રી નિતિન પટેલ અને નાણાં મંત્રી સૌરભ પટેલે સરકારના મહત્વપૂર્ણ પગલાની માહિતી આપી હતી. મુખ્યમંત્રીએ રજુઆતો સાંભળીને આ અંગેની જાહેરાત કરી હતી. ગુજરાતમાં એસસી, એસટી અને બક્ષીપંચની જાતિઓ માટે અનામત નીતિ અમલી છે. આ હેઠળ ૪૯ ટકા બેઠક આવે છે. તેમણે જણાવ્યું છે કે, સરકારી ધારા-ધોરણ મુજબ જ ખાનગી કોલેજો વિદ્યાર્થીઓ પાસેથી ફોર્મ ફી લઈ શકશે.

તેમણે કહ્યું છે કે, આર્થિક રીતે નબળા વિદ્યાર્થીઓની ૬૦ ટકા ફી રાજય સરકાર ભરશે. આજે બપોરે મુખ્યમંત્રી આનંદીબેન પટેલે વિવિધ યોજનાઓની જાહેરાત કરતા જણાવ્યું હતું કે, માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક વિદ્યાર્થીઓને વિનામુલ્યે પુસ્તકો આપવામાં આવશે. સ્પર્ધાત્મક પરિક્ષા માટે જીલ્લા સ્તરે ટ્રેનીંગ સેન્ટરો ઉભા કરવામાં આવશે. ધો.૧૨ સાયન્સમાં ૯૦ પર્સનટાઈલ લાવનાર બીનઅનામત વર્ગના વિદ્યાર્થીને ખાનગી-સરકારી કોલેજોમાં ૫૦ ટકા ફી અથવા બે લાખની સહાય આપવામાં આવશે. તેમણે જણાવ્યું હતું કે, સ્વરોજગાર માટે એન્જીનીયરીંગ અને ડિપ્લોમાં ધારકો માટે ૫૦,૦૦૦થી માંડીને ૧૦ લાખ સુધીની લોન મળશે.

મુખ્યમંત્રીએ જણાવ્યું હતું કે, સેલ્ફ ફાઈનાન્સ કોલેજોમાં વધુમાં વધુ અભ્યાસ માટે બે લાખની સહાય આપવામાં આવશે. ખાનગી કોલેજોમાં ૭૫ ટકા બેઠકો મેરીટ પ્રમાણે ભરવામાં આવશે. તેમણે જાહેરાત કરી હતી કે, આવતા વર્ષે મેડીકલ કોલેજોમાં ૩૦૦ બેઠકોનો વધારો કરવામાં આવશે. મેડીકલ કોલેજોના તમામ વિદ્યાર્થીઓ માટે ગુજરાત સરકાર ૫૦ આપશે. તેમણે કહ્યું હતું કે, તાલુકા અથવા જિલ્લાથી દુર રહીને હોસ્ટેલમાં રહી અભ્યાસ કરતા વિદ્યાર્થીને ૧૦ મહિના માસિક ૧૨૦૦ની સહાય આપવામાં આવશે. તેમણે જણાવ્યું હતું કે, પુસ્તકો લેવા માટે મેડીકલ અને એન્જીનીયરીંગના વિદ્યાર્થીઓને એક વખત સહાય આપવામાં આવશે. જેમાં મેડીકલમાં ૧૦,૦૦૦ એન્જીનીયરીંગ ૫૦૦૦ અને ડિપ્લોમાં ૩૦૦૦ આપવામાં આવશે.

મુખ્યમંત્રીએ કહ્યું કે, અમદાવાદ, વડોદરા અને કરમસદમાં મેડીકલની બેઠકોની સંખ્યા વધારાશે. આ બેઠકમાં અનામત આંદોલન સમિતિના ૧૪ સભ્યો હાજર રહ્યા હતા. આ બેઠકમાં પ્રધાનો, નેતાઓ, વિવિધ નિમેલી સમિતિએ ૧૫૦ જેટલા આવેદનપત્રો અભ્યાસ પણ કર્યો હતો. આ તમામ યોજનાઓ પાછળ રાજ્ય સરકારને દર વર્ષે એક હજાર કરોડનો અંદાજીત બોજ પડશે. સ્વરોજગારી માટે પણ કેટલીક વાત કરવામાં આવી છે.

પ્રથમ તક

સરકારી વાહનોની જાહેર હરાજી

રદબાતલ (કન્ડમ) થયેલ કુલ ૨૩ સરકારી વાહનોની જાહેર હરાજી રાખેલ છે. જેની વિગત નીચે મુજબ છે.

૧. કચેરીનું નામ	:	સરકારી વાહન વ્યવહાર સેવાની કચેરી, સેક્ટર-૩૦, ગાંધીનગર
૨. વાહનો જોવાનું સ્થળ	:	ઉપર મુજબ
૩. વાહનોની વિગત	:	શેવરોલેટ ઓપ્ટ્રા-૩, ટોયોટા ઈનોવા-૨૦
૪. હરાજીની તારીખ	:	૮-૧૦-૨૦૧૫
૫. ડીપોઝીટની રકમ	:	રૂ. ૨,૦૦૦/- પ્રતિ વાહન, બોલી બોલાયેલ રકમના ૨૫ ટકા નાણાં તાત્કાલિક ભરવાના રહેશે.
૬. નાણા ભરવાનો સમય	:	૯-૩૦ કલાકથી ૧૧-૦૦ કલાક

ડીપોઝીટ ભરનારને જ હરાજીમાં ભાગ લેવા દેવામાં આવશે અન્ય શરતો હરાજી શરૂ કરત [redacted] આવશે.

મેનેજર
જીટીએસ, ગાંધીનગર

ગુજરાત પાણી પુરવ [redacted] અને ગટર વ્ય. બોર્ડ

જાહેર [redacted] નિવિદા

ગુજરાત પાણી પુરવઠા અને ગટર [redacted] થા બોર્ડ, જલસેવા ભવન, સેક્ટ [redacted] ૧૦/એ, ગાંધીનગર ખાતે ટોયલેટ રીનોવેશ [redacted] મ માટેના સરકાર માન્ટ રજીસ્ટ્રે [redacted] ધરાવતી એજન્સી પાસેતી ભાવો મંગાવવા [redacted] વે છે. ટેન્ડર ફી રૂ. ૬૦૦/- [redacted] ટેન્ડર બોર્ડની હિસાબી શાખામાં જમા કર [redacted] (૧૬. [redacted] કલાક) સુધીમાં ટેન્ડર ઈશ્યુ કરવામાં આવશે [redacted] જીસ્ટર પ [redacted] / સ્પીડ પોસ્ટ મારફતે કાર્યપાલક ઈજનેરશ્રી, [redacted] મા, ગુ.પ [redacted] અને ગ.વ્ય. બોર્ડ, 'જલસેવા ભવન', સેક્ટર [redacted] માં મોડા [redacted] ૧૫/૧૦/૨૦૧૫ સુધીમાં મળી જાય તે [redacted] શે. વિ [redacted] વિગતો ઉપરોક્ત સરનામે કચેરી સમય દર [redacted] ૬/૨૦૧૫

ઈશ્વરકૃપા ટાયર સર્વિ [redacted]
ગાંધીનગર ખાતે સૌથી જુના અને જ [redacted]
એપોલો/સીયેટ
કંપનીના અધિકૃત
વિક્રેતા
CEAT
તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોક [redacted] મળ
પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુ [redacted] નગર
ફોન : (દુ.) ૨૩૨૬૧૧૬૩, મો. : ૯૪૨૬૫ ૦૭૪૧ [redacted] ૭૬૭